**મે.ગરૂડેશ્વરના સિવીલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ–ગરૂડેશ્વર.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૫૫૨/૨૦૨૬ |
| આંક | ૧૩ |
| ગુન્હાની કલમ | ધી પ્રોહી એક્ટ કલમ– ૬૫ (એએ) મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર (ગરૂડેશ્વર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–૧૧૮૨૩૦૦૯૨૬૦૦૧૪/૨૦૨૬ |
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી | આર.બી.વસાવા |
| આરોપી | કપિલાબેન તે નગીનભાઈ મગનભાઈ ભીલ રહેવાસી–વવીયાલા નવી વસાહત તા.ગરૂડેશ્વર,જી.નર્મદા |
| આરોપી તરફે વિ.વ. શ્રી | એસ.એ.ઠાકોર |

| | |
|---|---|
| ફરિયાદ દાખલ તારીખ | ૨૪/૦૪/૨૦૨૬ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૨/૦૪/૨૦૨૬ |
| આરોપીના જવાબની તારીખ | ૧૬/૦૫/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| હુકમ માટે રાખ્યાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજા કર્યાની તારીખ | – |

**આરોપીની માહિતી –**

| અનુ. નં. | આરોપી નું નામ | ધરપકડ ની તારીખ | જામીનમુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યું / સજા કરી | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ ૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | કપિલાબેન તે નગીનભાઈ મગનભાઈ ભીલ | – | – | ધી પ્રોહી એક્ટ કલમ–૬૫ (એએ) મુજબ. | – | – |

**ફરીયાદી /બચાવ / ન્યાયાલયના સાક્ષી ની યાદી :–**
(અ). ફરિયાદ પક્ષ :–

| અનુ. નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૭ | રવિન્દ્રભાઈ શાંતીલાલ | ફરીયાદી |
| ૨ | ૦૯ | ગણપતભાઈ શીવાભાઈ તડવી | પંચ સાહેદ |
| ૩ | ૧૧ | જયદીપભાઈ ગણપતભાઈ તડવી | પંચ સાહેદ |

**(અ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા :–**

| અનુ. નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૦૧ | ૦૮ | ગુનાની ફરિયાદ. |
| ૦૨ | ૧૦ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. |

**ફરીયાદી /બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી :–**
**(બ) બચાવ પક્ષ :–**

| અનુ. નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| | | | |

## (બ) બચાવ પક્ષે દસ્તાવેજી પુરાવા :-

| અનુ. નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| | | |

## / જજમેન્ટ /

**(૧).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૫/૧૫ વાગે મોજે વવીયાલા ગામે દેશી દા.લી.૦૩ કિ.રૂ.૬૦૦/- નો ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટિનો રાખી રેડ દરમિયાન હાજર મળી ન આવી, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ) મુજબનો ગુનો કરેલ છે જે બાબતની ફરિયાદ ફરિયાદીએ ગરૂડેશ્વર પો.સ્ટે. માં ગુના રજીસ્ટર નં.૧૧૮૨૩૦૦૯૨૬૦૦૧૪/૨૦૨૬ થી જાહેર કરેલ છે. ત્યાર બાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક-૦૧ મુજબનું ચાર્જશીટ મહેરબાન પ્રિન્સીપાલ કોર્ટ ગરૂડેશ્વરમાં દાખલ કરેલ જે ચાર્જશીટ રજીસ્ટરે લીધા બાદ અત્રેની કોર્ટમાં સદરહું કેસ કાયદેસરની કાર્યવાહી માટે આવેલ છે.

**(૨).** માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા R/ Criminal Misc. Application No. 8892/2018 ના ચુકાદામાં પેરા નં. ૧૦ માં એવું ઠરાવવામાં આવેલ છે કે, "The result of above discussion is that (01) by repeal of section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case " ને ધ્યાને રાખી આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધિત ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીને નિયમોનુસાર સમન્સની બજવણી કરતાં, આરોપી અદાલતમાં હાજર થયેલ છે. આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના

મુલ્ચે પુરી પાડેલ છે અને ગુના વિષે સમજ કરી આંક–૦૪ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવેલ છે અને આંક–૦૫ થી આરોપીની પ્લી નોંધતા આરોપીઓ ધ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.

**(૩).** આ કામમાં ફરિયાદપક્ષ તરફથી ઉપરોકત મુજબના પુરાવા રજુ થયેલ છે.

**(૪).** બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનું જણાવે છે. ત્યાર બંન્ને પક્ષકારોની દલીલો સાંભળી.

**(૫).** આ કેસના નિર્ણય માટે તેમની સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા નં. ૦૧.** શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૫/૧૫ વાગે મોજે વવીયાલા ગામે દેશી દા.લી.૦૩ કિ.રૂ.૬૦૦/– નો ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટનો રાખી રેડ દરમિયાન હાજર મળી ન આવી, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ) મુજબનો ગુનો કરેલ છે કે કેમ ?

**મુદ્દા નં. ૦૨** શું હુકમ ?

**(૬).** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૦૧** નકારાત્મક.

**મુદ્દા નં. ૦૨** આખરી હુકમ મુજબ.

મુદ્દા નં. ૦૧ અને ૦૨ માટેના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે :–

**(૭).** ફરિયાદ પક્ષ તરફે આંક–૦૯ થી પંચ સાહેદ ગણપતભાઈ શીવાભાઈ

તડવીનાઓને અને આંક–૧૧ થી પંચ સાહેદ જયદિપભાઇ ગણપતભાઇ તડવીનાઓને તપાસવામાં આવેલ છે. સદરહું પંચ સાહેદે તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલ હોવાનું અને પંચનામું કઈ બાબતનુ હતુ તેની તેઓને ખબર નહીં હોવાનું જણાવેલ છે. વિદ્વાન એ.પી.પી.શ્રી. ની વિનંતી થી સદરહું પંચ સાહેદોને ફરી ગયેલા/ હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતા તેમના પ્રશ્નોથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત નિ:શંકપણે સાબિત થયેલ માની શકાય નહી. આમ, પોલીસની કાર્યવાહીને પંચોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, ફરિયાદ પક્ષ તરફે આંક–૧૦ થી રજૂ પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮). ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસના અનુસાર જે પણ સાહેદોની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચસાહેદ ઉપરોકત ચર્ચા કરી તેમ મુજબ આંક–૧૦ થી રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુનો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે.

વધુમાં આ કામે આંક–૦૭ થી ફરીયાદી રવિન્દ્રકુમાર શાંતીલાલ જેઓ પોલીસ સાહેદ છે તેઓને આ કામે તપાસેલ છે અને તેમને આરોપી વિરુધ્ધ ફરિયાદ આપેલી અને તપાસ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. પરંતુ, તે પોતાની ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાકના ઘર આવેલા છે. બનાવવાળી જગ્યાએથી આરોપી હાજર મળી આવેલ નહીં. પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો તેઓએ તપાસના કામે લીધેલા નથી. આમ, આ કામે ફરીયાદપક્ષને સમર્થન કરે તેવા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી અને આ કામે જે સાહેદોના નિવેદનો લેવામાં આવેલ છે તે તમામ પોલીસ સાહેદો છે જેથી તેઓ તેમના નિવેદનો ને તથા ફરીયાદપક્ષને સમર્થન કરે તેવી જુબાની આપે તે સ્વભાવિક છે કેમકે તેઓ ભારતીય સાક્ષ્ય અધિનીયમની

કલમ–૧૫૯ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા મજકુર સાહેદનો સમાવેશ રસ ધરાવતા સાહેદમાં થતો હોય રસ ધરાવતા સાહેદની જુબાની સ્વતંત્ર સાહેદની જુબાની ધ્વારા સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધ અનુમાન કરી શકાય નહી. જેથી બનાવની હકિકતો શંકાસ્પદ બની જાય છે. ફોજદારી ન્યાય પ્રણાલી મુજબ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો શંકાનો લાભ આરોપીઓને મળે છે. આ કામે રજુ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સતીશ મહેરા વિરુધ્ધ એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (વોલ–૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપર થી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી નાં જણાતું હોઈ તો તેવા સંજોગોમાં અદાલતનો કિમતી સમય વેડફવો જોઈએ નહી.

**(૯).** ક્રિમિનલ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કેસમાં ફરિયાદ પક્ષ તેમ કરવામાં સફળ થયેલ ના હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય જણાતું નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય અને ન્યાયિક જણાય છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપું છું. મુદ્દા નં. ૨ અન્વયે છેવટનો હુકમ નિચેની વિગતે કરું છું.

***– // આખરી હુકમ //–***

**(૧)** બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ (૧) અન્વયે આરોપી નામે, **કપિલાબેન તે નગીનભાઇ મગનભાઇ ભીલ, રહેવાસી–વવીયાલા નવી વસાહત તા.ગરૂડેશ્વર,જી.નર્મદા**નાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એએ) મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(એ) મુજબના રૂ.૫,૦૦૦/– ના અપીલ જામીન આપવા.

હુકમ આજ તારીખ **૨૯** મી, માહે–**જુન**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬ (કૃણાલકુમાર નરેન્દ્રકુમાર પુરાણી )

સ્થળ– ગરૂડેશ્વર જ્યુડી.મેજી.ફ.ક.ગરૂડેશ્વર,

કોડ નં.જી.જે.૦૧૫૨૮